# ગુજરાતનો મહાસંગ્રામ 2012






ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં આ વખતે મતદાનનો વિક્રમ સર્જાયો છે, એની આ બોલતી તસવીરો છે. રાજ્યમાં વિધાનસભાની ચૂંટણીમાં અગાઉ ક્યારેય ન થયું હોય એટલા મોટા પ્રમાણમાં મતદાન કરીને ગુજરાતની પ્રજાએ ભલભલા વિશેષજ્ઞો અને રાજકીય ધૂરંધરોને અસમંજસમાં મુકી દીધા છે. જીતના દાવા ભલે બધા કરતા હોય, પણ સૌના મનમાં મોટા મતદાનથી ફડકો પેસી ગયો છે. મતદાનનું આ મોટું પ્રમાણ પોતાના તરફી છે કે વિરોધી એ બાબતે સૌ અનિર્ણિત છે. (તસવીર : દિપક જાની)

# અમદાવાદ જિલ્લાની કુલ ૧૭ બેઠકો પર ૭૦.૧૦ ટકા મતદાન

અમદાવાદ, તા. ૧૭

ગુજરાત વિધાનસભાની ચૂટણીના બીજા અને અંતિમ તબક્કામાં અમદાવાદ જિલ્લાની કુલ ૨૧માંથી ૧૭ વિધાનસભા બેઠકો માટે પણ આજે રેકોર્ડ ૭૦.૧૦ ટકા મતદાન થયુ હતુ અને અગાઉના તમામ રેકોર્ડ તૂટી ગયા હતા. ૨૦૦૭માં ૨૧ બેઠક પર ૫૮.૨૪ ટકા, ૨૦૦૨માં ૫૫.૮૯ ટકા મતદાન થયુ હતુ. ૨૦૧૨માં ૧૭ બેઠકો પર મતદાનના તમામ રેકોર્ડ તૂટી ગયા હતા. અમદાવાદ જિલ્લા કલેક્ટર વિજય નેહરાએ જણાવ્યું હતુ કે સવારથી જ તમામ જગ્યાઓએ લાંબી લાઈનો જોવા મળી હતી જે સાંજ સુધી યથાવત રહી હતી. લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. અમદાવાદ જિલ્લાની ૧૭ બેઠકો પર કુલ ૧૭૮ ઉમેદવારોના ભાવિ આજે ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. અમદાવાદ જિલ્લાના ૩૭,૦૪,૫૨૦ મતદારો પૈકીના મોટી સંખ્યામાં મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. આ ૧૭ બેઠકો માટે ૩૮૧૬ મતદાન મથકો સ્થાપિત કરવામાં આવ્યા હતા. તમામ મતદાન મથકો પૈકી ૧૭૦૦ સંવેદનશીલ જાહેર કરવામાં આવ્યા હતા. આજે ઘાટલોડિયા, વેજલપુર, વટવા, એલિસબ્રીજ, નારણપુરા, નિકોલ, નરોડા, ઠક્કરબાપાનગર, બાપુનગર, અમરાઈવાડી, દરિયાપુર, જમાલપુર-ખાડિયા, મણિનગર, દાણીલીમડા, સાબરમતી, અસારવા અને દસક્રોઈ વિધાનસભા બેઠક પર મતદાન યોજાયું હતુ. આ ૧૭ બેઠકો માટે ૧૯૫૨૭૧૪ પુરુષ મતદારો, ૧૭૫૧૭૯૭ મહિલા મતદારો મળીને કુલ ૩૭૦૪૫૨૦ મતદારો નોંધાયા હતા. આ ૧૭ બેઠકોની ચૂંટણી માટે ૧૫૦૦૦ સુરક્ષા જવાનોને બંદોબસ્ત કરવામાં આવ્યો હતો. અને મતદાનની કામગીરીમાં ૨૦હજારનો સ્ટાફ રોકવામાં આવ્યો હતો. મતદાનની કામગીરી પર નજર રાખવા માટે પોલ ડે મોનીટરીંગ સિસ્ટમ કાર્યરત કરવામાં આવી હતી. આ ઉપરાંત પસંદગીના મતદાન મથકો પર વેબકાસ્ટીંગની વ્યવસ્થા કરવામાં આવી હતી. તમામ લોકો મતદાન કરી શકે એ માટે સરકારી અને ખાનગી સંસ્થાઓમાં રજા હતી. તેમણે વધુમાં જણાવ્યું હતુ કે ખાનગી સંસ્થાઓએ તેમના કર્મચારીઓ મતદાન કરી શકે તે માટે આજે રજા રાખવાની હતી પરંતુ તે ન રાખી હોવાની ૪૨ ફરિયાદો અમને મળી હતી અને અમે તરત જ તે સંસ્થાનો સંપર્ક કરી રજા રાખવાનો આદેશ આપ્યો હતો. આજે અમને આચારસંહિતાને ભંગ લગતી ૧૭ ફરિયાદો મળી હતી. નવ જેટલા ઈવીએમમાં ક્ષતી સર્જાતા બદલવા પડ્યા હતા.

# મતદારોને મતદાર સ્લિપ પહોંચાડવાની કરેલી વ્યવસ્થાના પરિણામે વિક્રમજનક મતદાન થયું

ગાંધીનગર, તા. ૧૭

મતદારોની અભૂતપૂર્વ જાગૃતિ ઉપરાંત ચૂંટણી પંચે મતદારોને ઘેર ઘેર મતદાર સ્લિપ પહોંચાડવાની કરેલી વ્યવસ્થાના પરિણામે પ્રથમ તબક્કાની જેમ જ બીજા તબક્કામાં પણ આજે વિક્રમજનક મતદાન થયું અને આ અભૂતપૂર્વ સિદ્ધિ માટે ગુજરાતના જાગૃત મતદારો તથા ચૂંટણી પંચને લાખ લાખ અભિનંદન.

રાજ્ય સરકારના પૂર્વ કેબિનેટ મંત્રી નલિન ભટ્ટે બંને તબક્કાના વિક્રમજનક મતદાનના પગલે લોકશાહી શાસન પદ્ધતિની જ્વલંત સફળતા તરીકે બિરદાવતાં વધુમાં જણાવ્યું હતું કે ભલભલા રાજકીય પંડિતો પણ વિક્રમજનક મતદાન બદલ હાર-જીતનાં પરિણામોનાં લેખાં-જોખાંમાં ખોટા સાબિત થાય તેવી રાજકીય પરિસ્તિતિ પેદા થઈ છે. વધુમાં, આ અભૂતપૂર્વ મતદાને દેશભરમાં ગુજરાત અને ગુજરાતી પ્રજાની આબરૂને ચાર ચાંદ લગાવી દીધા છે, તેમાં કોઈ બેમત નથી.

ગુજરાતના મતદારોનું મતદાન જેવું વિક્રમજનક છે, તા. ૨૦ ડિસેમ્બરના રોજ આવનારાં પરિણામો પણ એવા જ અવનવા વિક્રમોનું સર્જન કરશે અને ભાજપ ઝળહળતો વિજય પ્રાપ્ત કરીને સત્તામાં આવશે તેવો આશાવાદ તેમણે વ્યક્ત કર્યો હતો.

### શહેરા તાલુકાના તરસંગ ગામે બનેલો બનાવ

# જેઠા ભરવાડે ગોળીબાર કરતાં ૪ કાર્યકરોને ઈજા

**ગોળીબારમાં ત્રણને ગંભીર ઇજા : જેઠા ભરવાડની ખાનગી હોસ્પિટલમાં પોલીસે અટકાયત કરી : વધુ ચકાસણી શરૂ**

અમદાવાદ, તા. ૧૭

ગુજરાત વિધાનસભાની બીજા તબક્કાની ચૂંટણીમાં આજે પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના તરસંગ ગામે ભાજપના ધારાસભ્ય જેઠા ભરવાડે કરેલા ગોળીબારમાં કોંગ્રેસના ચાર કાર્યકરોને ઈજાઓ થઈ હતી. એમાં બે કાર્યકરની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

જેઠા ભરવાડને પણ ઈજા થતાં ખાનગી હોસ્પિટલમાં દાખલ થઈ ગયા બાદ પોલીસે તેની અટકાયત કરી હતી. આ બનાવની સૂત્રોમાંથી મળતી વિગતો એવી છે કે પંચમહાલના શહેરા તાલુકાના તરસંગ ગામે ભાજપના ઉમેદવાર જેઠા ભરવાડ આજે બપોરે ૧૨ વાગ્યે ગયા હતા. જ્યાં ભાજપને કેમ મત આપતા નથી એવું કહીને પોતાની કારમાંથી હોકી કાઢીને ધાક-ધમકી આપવા જતા ગામલોકોએ જેઠાભાઈને ઘેરી લીધા હતા.

આથી જેઠાભાઈએ પોતાના અંગરક્ષકને ગોળીબાર કરવાનું કહેતા અંગરક્ષકે હવામાં ગોળીબારો કર્યા હતા. ગોળીબારને લીધે ટોળું ઉશ્કેરાતા જેઠા ભરવાડે પોતાના અંગરક્ષક પાસેથી રાયફલ છીનવીને સીધું ટોળા પર ફાયરીંગ કરતા કોંગ્રેસના ચાર કાર્યકરો ઘવાયા હતા. જેમાં ગંભીર રીતે ઘવાયેલા દેવેન્દ્રસિંહ ગણપતસિંહ સોલંકીને વડોદરાની સયાજીરાવ હોસ્પિટલમાં ખસેડાયા હતા.

જ્યારે ૧૬ વર્ષનો કિશોર ધર્મેન્દ્રસિંહ બળવંતસિંહ તથા ભૂપેન્દ્રસિંહ સોલંકીને ગોધરાની સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા છે. આ બનાવની તરસંગ અને આજુબાજુના ગામડાઓમાં ભયનું વાતાવરણ પ્રસરી ગયું હતું. જિલ્લા કલેક્ટરના કહેવા મુજબ ધારાસભ્ય જેઠા ભરવાની પોલીસે ખાનગી હોસ્પિટલમાં જઈને અટકાયત કરી છે.

# કોના કોના ભાવિ સીલ..

અમદાવાદ, તા.૧૭

**ગુજરાત વિધાનસભાની ચૂંટણીના બીજા તબક્કા માટે આજે મતદાન યોજાયુ હતુ. બીજા તબક્કાના મતદાનની સાથે જ મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદી અને શંકરસિંહ વાઘેલાના ભાવિ પણ ૮૨૦ ઉમેદવારોની સાથે ઇવીએમમાં સીલ થઈ ગયા હતા. હવે ૨૦મી ડિસેમ્બરના દિવસે જ સસ્પેન્સ ખુલશે. મુખ્યમંત્રી મોદી મણિનગરમાંથી ચૂંટણી મેદાનમાં છે જ્યારે શંકરસિંહ વાઘેલા કપડવંજ ખાતેથી મેદાનમાં ઉતર્યા છે. અન્ય જે મહારથીઓના ભાવિ ઇવીએમમાં સીલ થઈ ગયા છે તે નીચે મુજબ છે.**

| મહારથી | ભાવિ સીલ થયા | મહારથી | ભાવિ સીલ થયા |
|---|---|---|---|
| નરેન્દ્ર મોદી | મણિનગર | વલ્લભભાઈ કાકડિયા | ઠક્કરબાપાનગર |
| શંકરસિંહ વાઘેલા | કપડવંજ | જગરુપસિંહ રાજપુત | બાપુનગર |
| આનંદીબેન પટેલ | ઘાટલોડિયા | હસમુખભાઈ એસ પટેલ | અમરાઈવાડી |
| જયનારાયણ વ્યાસ | સિદ્ધપુર | ભરતભાઈ બારોટ | દરિયાપુર |
| રમણલાલ વોરા | ઈડર(એસસી) | ભૂષણ અશોકભાઈ ભટ્ટ | જમાલપુર ખાડિયા |
| ફકીરભાઈ વાઘેલા | વડગામ(એસસી) | ગિરીશ પરમાર | દાણીલિમડા |
| પ્રફુલ્લ પટેલ | હિમ્મતનગર | અરવિંદભાઈ પટેલ | સાબરમતી |
| સૌરભ પટેલ | અકોટા | આરએમ પટેલ | અસારવા |
| નિતીન પટેલ | મહેસાણા | બળવંતસિંહ રાજપુત | સિદ્ધપુર |
| અમીત શાહ | નારણપુરા | બાબુભાઈ | રાપર |
| પ્રદિપસિંહ જાડેજા | વટવા | મહેન્દ્રસિંહ વાઘેલા | બાયડ |
| રાકેશ જશવંતલાલ શાહ | એલિસબ્રિજ | સિદ્ધાર્થ પટેલ | ડભોઈ |
| નિર્મલાબેન વાધવાની | નરોડા | જયંત પટેલ | ઉમરેઠ |

# ૧૨ જિલ્લાઓમાં મતદાન

અમદાવાદ, તા. ૧૭

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીના બીજા તબક્કામાં આજે આશરે ૭૦ ટકા મતદાન થયુ હતુ. ગુજરાતમાં બીજા તબક્કામાં ૧૨ જિલ્લાઓમાં મતદાન થયુ હતુ. કેટલીક બેઠકો પર ઓછુ મતદાન થયુ હતુ પરંતુ અગાઉની સરખામણીમાં તમામ જગ્યાએ ઉંચું મતદાન થયુ હતુ. જેથી અભૂતપૂર્વ ઉત્સાહ ભાજપના સભ્યોમાં પણ જોવા મળી રહ્યો છે. સવારથી જ તમામ મતદાન મથકો પર લાંબી લાઈનો જોવા મળી હતી. જો કે દિવસ આગળ વધતા આ લાઈનો વધુ લાંબી થઈ હતી અને રેકોર્ડ મતદાન થયુ હતુ. ગુજરાતની રચના થયા બાદથી હજુ સુધીનું સૌથી ઉંચુ મતદાન નોંધાઈ ગયુ હતુ. ચૂંટણીપંચ, સ્વૈચ્છિક સંસ્થાઓ અને અન્ય રાજકીય પક્ષો તથા કેટલીક સ્કૂલો દ્વારા જનજાગૃતિ ઝુંબેશના લીધે ઉંચુ મતદાન થયુ છે.

| જિલ્લો | કેટલા ટકા | ખેડા | ૭૦ |
|---|---|---|---|
| કચ્છ | ૬૩.૫ | વડોદરા | ૭૦ |
| અમદાવાદ | ૭૦.૧ | બનાસકાંઠા | ૭૧ |
| સાબરકાંઠા | ૬૬ | પંચમહાલ | ૬૭ |
| પાટણ | ૬૨ | આણંદ | ૭૦ |
| ગાંધીનગર | ૭૦ | દાહોદ | ૬૮ |
| મહેસાણા | ૭૨ | | |

# જંગી મતદાન બદલ મતદારોનો આભાર માનતા કેશુભાઈ પટેલ

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાત પરિવર્તન પાર્ટીના અધ્યક્ષ કેશુભાઈ પટેલે એક નિવેદનમાં જણાવ્યું છે કે ગુજરાતમાં બીજાતબક્કામાં પણ ખૂબ મોટી સંખ્યામાં મતદારોએ મતદાન કરીને લોકશાહીનું ગૌરવ વધાર્યું છે. ગુજરાતની પ્રજાએ મતદાનમાં અને સભાઓમાં ગુજરાત પરિવર્તન પાર્ટીને અભૂતપૂર્વ પ્રતિસાદ આપ્યો છે. માત્ર ટૂંકા ગાળામાં શરૂ થયેલી આ પાર્ટીને આટલો પ્રચંડ પ્રતિસાદ અને લાગણી પૂરી પાડીને પ્રજાએ અમારો આત્મવિશ્વાસ વધાર્યો છે એમ તેમણે જણાવ્યું હતું. ગુજરાતમાં ભૂતકાળમાં ક્યારેય ના થયું હોય તેટલું મતદાન થવા પાછળ ચૂંટણી પંચની મહેનત, મતદારોમાં આવેલી જાગૃતિ ઉપરાંત ગુજરાત પરિવર્તન પાર્ટીનો ઉમેરો થયો એ પણ એક અગત્યનું કારણ છે એમ જણાવી બંને તબક્કામાં ગુજરાત પરિવર્તન પાર્ટીને સમર્થન આપનાર સૌ મતદારો પ્રતિ એમણે આભારની લાગણી વ્યક્ત કરી હતી.


# બાયડ વિધાનસભામાં ૭૫.૭૮ ટકા જેટલું જંગી મતદાન

**વહેલી સવારથી જ વોટીગ કરવા મતદારોની લાઈન લાગી : ઉમેદવારોનું ભાવી ઈ.વી.એમ. મશીનમાં સીલ : ૨૦મીએ હિંમતનગર પોલીટેકનીક કોલેજ ખાતે મતગણતરી**

બાયડ, તા. ૧૭

છેલ્લા કેટલાય દિવસથી ચાલતી ગુજરાતની ગાદી કબજે કરવા માટેની રમતનો આજે ખેલ પુરો થઈ ગયો છે. રાજયમાં બીજા તબક્કાની આજે યોજાયેલી ચુંટણીમાં પ્રથમ તબકકાની જેમ બીજા તબકકાની ચુંટણીમાં પણ મતદારો એ જાગૃતી લાવી ભારે પ્રમાણમાં મતદાન કર્યુ છે. જયારે આ બીજા તબક્કાની ચુંટણીમાં રાજયની ૯૭ બેટકો માટે યોજાયેલી ચુંટણીમાં આ વખતે સરેરાશ ૭૦ ટકા જેટલુ મતદાન થયુ હતું.

બીજા તબકકાની યોજાયેલી આજે ચુટણી માં બાયડ ૩૨ વિધાનસભામાં મતદારોએ ઉત્સાહ દાખવી ૭૫.૭૮ ટકા જેટલુ જંગી મતદાન કર્યુ હતુ. આજે યોજાયેલી ચુંટણીમાં વહેલી સવારથી બાયડ અને માલપુર તાલુકા માં વોટીગ કરવા મતદારોની લાંબી લાઈન લાંગી હતી. જેમાં સવારે ૧૦ વાગ્યા સુધી લગભગ ૧૩.૫ ટકા જેટલુ મતદાન થયુ હતું. ત્યાર બાદ બપોરે ૧૨ વાગ્યા સુધી ૨૬.૮૧ ટકા જેટલુ મતદાન થયુ હતુ જયારે બપોર પછી મતદારો એ ઉત્સાહ દાખવી બપોરે ૩ કલાક સુધી ૬૬.૮૭ ટકા જેટલુ મતદાન થવા પામ્યુ હતુ જયારે છેલ્લા શેશન માં આ આકડો વધીને મતદાન પુરૂ થવાના સમય સુધી આ અુકડો વધીને ૭૫.૭૮ ટકા સુધી પહોચ્યુ હતુ જયારે બાયડ વિધાનસભા માં હાલ આ વખતે મતદારો એ ઉત્સાહ પુર્વક કરેલા

(તસવીર : સમીર બલોચ, બાયડ)

જંગી બહુમતી થી જે વોટીગ કર્યુ હતુ તે પ્રમાણે બાયડ તાલુકાના રાજકીય વિશ્લેશકો ના મતે બાયડ વિધાનસભા માં કોગ્રેસ ના ઉમેદવાર મહેન્દ્રસિંહ વાઘેલા નો વિજય નીશ્ચીત મનાઈ રહયો છે તેવુ રાજકીય પંડીતોના મતે દેખાઈ રહયુ છે જયારે સમગ્ર સાબરકાંઠા જીલ્લાની વાત કરીએ તો રાજકીય પંડીતો ના મતે કોગ્રેસ ના ફાળે કુલ ૬ સીટો અને ભાજપા ના ફાળે ૧ સીટ રહેશેશ જેમાં બાયડ, મોડાસા, હિંમતનગર, પ્રાંતીજ, ભીલોડા,ખેડબ્રહ્મા સીટ કોગ્રેસ નો પંજો બાજી મારશે જયારે એક માત્ર ઈડર બેઠક ભાજપા નો ભગવો લહેરાશે હાલ તો તેવુ રાજકીય પંડીતો ગણીત ગણી રહયા છે.

જયારે હાલ તો સાબરકાંઠા જીલ્લાની સાત વિધાનસભા ઉપર સમગ્ર રાજય ની નજર મંડાયેલી છે કારણ કે હિમંતનગર ખાતે થી ભાજપ સરકાર ના ગૃહપ્રધાન પ્રફુલભાઈ પટેલ ની પ્રતીષ્ઠા દાવ પર લાગેલી છે જયારે બાયડ ખાતે પુર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા ના સુપુત્ર મહેન્દ્રસિંહ વાઘેલા ચુંટણી લડી રહયા છે ત્યારે ઈડર વિધાનસભા બેટક ઉપર થી ભાજપ સરકાર ના શિક્ષણ મંત્રી રમણલાલ વ્હોરા ચુટણી લડી રહયા છે ત્યારે હાલ તો સમગ્ર સાબરકાંટા ઉપર રાજકીય પંડીતો ની નજર મંડાયેલી છે ત્યારે હાલ તો તમામ ઉમેદવારો ના ભાવી ઈ.વી.એમ મશીનમાં સીલ થઈ ગયા છે ત્યારે ૨૦મીએ કોથળામાંથી શું બીલાડુ નીકળે છે તે જોવુ રહયું.